નિસ્યંદન

(ગુજરાતી કવિતાનું ઈ–સામયિક)

સપ્ટેમ્બર- ૨૦૧૩

વર્ષ – ૨ અંક – ૪ સળંગ અંક – ૧૦



તંત્રી-સંપાદક

યોગેશ વૈદ્ય

પરામર્શક

જનક દવે સાહિલ શશિકાંત ભટ્ટ 'શૈશવ' જિતુ પુરોહિત

આ અંકના ફોટોકલાકાર : લૂઈજી બેનેદેત્તી (Luigi Benedetti) પ્રૂફરીડિંગ : જિતુ ત્રિવેદી લેઆઉટ : યોગેશ વૈદ્ય
અક્ષરાંકન : ભૂલોક દવે

o 'નિસ્યંદન' વિશે

- o મૂલત: ગુજરાતી કવિતાને વરેલું 'નિસ્યંદન' અન્ય ભાષાની કવિતા તેમજ અન્ય કળાઓને પણ સ્પર્શવા ધારે છે.
- o લવાજમ – આપનો ઉમળકો અને આપની કાવ્યનિષ્ઠા
- o નિસ્યંદન' આપના ઈ-મેઇલ આઇ.ડી. પર નિયમિત મેળવવા આટલું કરો : અમારી નવી વેબસાઈટ http://yogish.co.in પર જઈ 'નિસ્યંદન' નામક વિભાગમાં સાઈડબારમાં મૂકેલ 'નામાંકન પત્ર'માં વિગત ભરી **submit** કરો.
  અથવા https://docs.google.com/spreadsheet/embeddedform?formkey=dHRQTnYzLVI4YWZmNHpXVF9VS3R4cnc6MQ
  કડી પર **Ctrl+Click** કરો. ખૂલેલા ફોર્મમાં વિગત ભરી **submit** કરો.
- o આપના સાહિત્યકાર મિત્રો તેમજ કાવ્યરસિક મિત્રોને 'નિસ્યંદન'ના નામાંકન માટે પ્રેરી 'નિસ્યંદન'ના પ્રસાર માટે મદદરૂપ થવા વિનંતી.

o 'નિસ્યંદન' માટે આવકાર્ય છે

- o અપ્રગટ મૌલિક કાવ્યરચનાઓ તથા કાવ્યાનુવાદ / મીમાંસા. કૃતિ સાથે સાહિત્યકારે પોતાનો ફોટોગ્રાફ પણ જોડવો.
- o *અપ્રગટ રચનાઓ જ મોકલશો . બ્લોગ / વેબસાઇટ પર મુકાયેલી પ્રગટ રચનાઓ મોકલવી નહીં .*
- o આપની આસપાસ / સંસ્થામાં બનતી સાહિત્યિક ઘટનાઓના સમાચાર / લઘુવૃત્તાંત (ફોટોગ્રાફ તથા વીડિયો ક્લિપિંગ પણ મોકલી શકો.)
- o આપના અંગત સંગ્રહમાંથી કાવ્યપઠનની ઑડિયો/વીડિયો ક્લિપિંગ.
- o 'નિસ્યંદન'ના સુશોભન / મુખપૃષ્ઠ માટે આપના દ્વારા ઝિલાયેલા સુંદર ફોટોગ્રાફ / આપનાં બનાવેલાં ચિત્રો.
- o પુસ્તક-પરિચય માટે પુસ્તકની એક નકલ *મોકલશો.*
- o *'નિસ્યંદન'માં પ્રગટ થતા વિચારોની જવાબદારી જે તે કવિ / લેખકની રહે છે.*
- o કૃતિના સ્વીકાર / અસ્વીકારનો નિર્ણય એક માસમાં લઈ લેવાય છે.

o અમને મળવાનાં ઠામ-ઠેકાણાં :

- o ટપાલી દ્વારા – યોગેશ વૈદ્ય, 'હ્રદય કુંજ', યોગેશ્વર સોસાયટી, ૬૦ ફૂટ રોડ, વેરાવળ. ૩૬૨ ૨૬૫ (ગુજરાત) ભારત.
- o ઇ-મેઇલ દ્વારા - mryogi62@gmail.com
- o વેબસાઈટ http://yogish.co.in
- o બ્લોગ http://yogesh-vaidya.blogspot.com

* અનુક્રમ *



ગુજરાતી કવિતાની સામાજિક નિસ્બત

આપણી કવિતાની સામાજિક નિસ્બત વિષે વિચારતાં જે કંઈ ઊગી આવ્યું તે આપ સમક્ષ વધુ વિચારાર્થે મૂકી રહ્યો છું. આ અંગત અવલોકનો છે જેના ઉપર વધુ વિચાર થઈ શકે. કશું પ્રતિપાદિત કરવાનો હેતુ નથી.

આઝાદીની ચળવળના કાળમાં પંડિતયુગની ચુસ્ત મરજાદી, દુર્ગમ અને ચોખલી કવિતા આરસનાં પગથિયાં ઊતરી લોકો વચ્ચે, લોકોની બનીને ધૂળમાં બેસી ગઈ હતી. ગાંધીપ્રભાવમાં પ્રવર્તતા લોકજુવાળને, લોકલાગણીને સીધી જ કવિતામાં ઝીલતી કવિતાઓ ગાંધીયુગમાં લખાઈ. આ એવી કવિતા હતી જે ભાવકોને પોતાની જ લાગણીનો પડઘો પાડતી જણાઈ. કેટલીક કવિતાઓ એ યુગના સંઘર્ષનું પ્રતિબિંબ બની ગઈ અને કેટલીક તો યુગપરિવર્તનની પ્રવર્તક પણ બની રહી. આ અગાઉની સુધારાવાદી કવિતાઓ પણ સીધા જ જીવાતા જીવનના સંદર્ભની કવિતાઓ હતી. અહીં કવિ એક કળાકાર હતો અને સાથેસાથે એક દાર્શનિક અને માર્ગદર્શક પણ હતો. પણ આઝાદી મળ્યા પછી પેલી ધૂળમાંથી ઊભી થયેલી, લોકોને પોતાની જ લાગતી ગુજરાતી કવિતા ધીરે ધીરે ફરીથી એકદંડિયા મહેલમાં રહેવા ચાલી ગઈ.

અહીં વાસ્તવવાદ, અતિવાસ્તવવાદ, અસ્તિત્વવાદ, સૌન્દર્યવાદ વગેરે પશ્ચિમી વિચારધારાઓની આંગળી ઝાલીને ગુજરાતી કવિતાએ તેની નિજી આંતરિક અને બાહ્ય સૌન્દર્યની ચરમસીમાઓને સ્પર્શવાના પ્રયત્નો કર્યા. કંઈક અંશે એક આગવી મુદ્રા પણ પ્રાપ્ત કરી. અનુગાંધીયુગ અને આધુનિકયુગમાં ગુજરાતી કવિતાએ તેનાં કલાકીય શિખરો સુપેરે સર કર્યાં અને ગુજરતી કવિતાને ઘણી કલાનિષ્ઠ કલમોએ રળિયાત કરી. ગુજરાતી ભાષાના, કવિતાના અને અભિવ્યક્તિના ઉત્ક્રાંતિગત વિકાસ માટે આ તબક્કો અતિ મહત્વનો ગણાયો છે. આપણે નિશ્ચિતપણે ગુજરાતી કવિતાનો આ સુવર્ણકાળ ગણી શકીએ, જેમાં તેણે વૈશ્વિક ગતિવિધિઓ સાથે કદમ મિલાવ્યાં. પોતાની વૈશ્વિક ઓળખ બનાવી . પણ એ નોંધવું રહ્યું કે આ દરમ્યાન પેલી તેની જીવાતા જીવનના સંદર્ભની પકડેલી આંગળી ક્યાંક છૂટી ગઈ. કવિતાનું સંતુલન મોટેભાગે (કેટલાક અપવાદોને બાદ કરતાં) કળા અને તેના આંતરિક સૌન્દર્ય તરફ જ ઝૂકેલું રહ્યું, ભાવક જાણ્યે અજાણ્યે વિસરાઈ ગયો.

આધુનિકયુગના ઊંડા પ્રભાવ દ્વારા તૈયાર થયેલી ભૂમિ પર આજનો કવિ ખેડાણ કરી રહ્યો છે. જરા આજની સ્થિતિ પર નજર કરીએ તો જણાય છે કે કવિતાઓમાં વિતેલા આધુનિકયુગના ઓઘરાળા સમા અતિ અંગત અનુભૂતિઓનાં અકળ ગૂંચળાં (નરી **Personal Poetry**), સપાટી પરના સામૂહિક છબછબિયાં અને કશે જ ના લઈ જતી વંધ્ય સંરચનાઓ વિખરાઈને પડી છે. નવા યુગનો સુરેખ ચહેરો કે સીધી જમીની હકીકતોમાંથી ઊભી થયેલી કોઈ બળકટ વિભાવના ઓછી નજરે ચડે છે.

પ્રશ્ન થાય છે કે શું આપણી સામાજિક ચેતના સતત ઉદ્દીપ્ત અવસ્થામાં નહીં રહેતી હોય.?(કમ સે કમ ગુજરાતી કવિતાની બાબતમાં ?) જોકે આ સામાજિક નિસ્બતના અભાવનું કારણ શું હોઈ શકે તે એક અલગ ચર્ચાનો વિષય છે. એવું પણ નથી કે સામાજિક સંદર્ભ એટલે અભાવ અને સંઘર્ષનો જ સંદર્ભ. ફકત દલિત કવિતા જ સામાજિક નિસ્બતની કવિતા નથી. આમ તો દરેક સાચ્ચી કવિતા એ કોઈ ને કોઈ આઘાતની પ્રતિક્રિયા રૂપે જ સર્જાતી હોય છે. અને કવિની આસપાસ બનતી બાહ્ય કે આંતરિક ઘટનાઓનો પ્રતિઘોષ તેની કવિતામાં પરોક્ષ રીતે પણ પડતો જ રહે છે. એ રીતે તો કોઈ પણ કવિતા જીવાતા જીવનની નિસ્બતની કવિતા ગણી શકાય. જો આમ જ થતું હોય તો તેની કવિતા દરેક ભાવકને પોતાના સંદર્ભની/ પોતાની નિસ્બતની કવિતા લાગવી જોઈએ. જે હકીકતે બનતું નથી. અહીં સવાલ ભાવક પક્ષે જરૂરી પ્રતિબદ્ધતાનો તો છે જ પણ સર્જકના અભિગમનો પણ છે. અને અભિવ્યક્તિ બાબતે કેવો અભિગમ અપનાવવો તે દરેક કવિના મૌલિક અધિકારક્ષેત્રની બાબત છે. કવિની ક્ષમતા અને કયા હેતુ (**Motto**) સાથે કવિ કાવ્યસર્જન તરફ જાય છે તે પણ અહીં મહત્વોનું બની રહે છે.

બોલકા થઈ જવાના કાલ્પનિક ભયે કે વિવેચકો શું કહેશે એ વિચારે કવિઓ તેમની રચનાઓમાં સીધી સામાજિક નિસ્બતને ધરાર આવતી રોકી રહ્યા હોય તેવું પણ જણાય છે. તેમના આ વલણને શું કહેશું **?** ફક્ત કવિતાના સૌન્દર્યની જ ચિંતા કર્યા કરતો આપણો કામઢો કવિ તેની ભીતરી અનુભૂતિને તો ક્યાંક અવગણી નથી રહ્યોને **?** જવાબ 'ના'માં હોય તો સારૂં. હકીકતે કવિતાના આંતરિક અને બાહ્ય સૌન્દર્યને લેશમાત્ર હાનિ પહોંચાડ્યા વગર પણ સામાજિક નિસ્બતની સુંદર કવિતા લખી શકાય તેનાં સુખદ ઉદાહરણો કવિ સીતાંશુ યશશ્ચન્દ્ર, કવિ અનિલ જોશી સમેત અનેક કવિઓએ પૂરાં પાડ્યાં જ છે.

હાલ તો, આ ભ્રાંતિના આકાશને ચીરી નાંખતા એકાદ જંગલી બાવળની જરૂરત છે. અને આપણે બધા આવું કશું ના બને ત્યાં સુધી સ્વીકૃતિ અને અસ્વીકૃતિની સીમાઓમાં એક એક પગ રાખીને દહીં-દૂધમાં રમતાં ઊભાં છીએ.

યોગેશ વૈદ્ય — **તારીખ : 30.૦૯.૨૦૧૩**



* શ્રદ્ધાંજલિ *



રતિલાલ 'અનિલ'
(૨૩-૦૨-૧૯૧૯ થી ૨૯-૦૮-૨૦૧૩)

નથી એક માનવી પાસે બીજો માનવ હજી પ્હોંચ્યો,
'અનિલ', મેં સાંભળ્યું છે ક્યારનો બંધાય છે રસ્તો !

O થઈ ગયું છે

અતિશય બધુંયે સહજ થઈ ગયું છે;
એ બ્રહ્માંડ જાણે કે રજ થઈ ગયું છે.

ઉનાળુ મધ્યાહ્ન માથે તપે છે,
બધું કોઈ મૂંગી તરજ થઈ ગયું છે.

હું તડકાના કેન્વાસે ચીતરું છું કોયલ;
ઘણું કામ એવું, ફરજ થઈ ગયું છે.

છે દેવાનાં ડુંગરશાં તોંતેર વર્ષો,
કે અસ્તિત્વ મોટું કરજ થઈ ગયું છે.

'અનિલ', વિસ્તર્યું મૌન તડકારૂપે આ,
મને માપવાનો જ ગજ થઈ ગયું છે.

O મુક્તક

સહજમાં રહ્યો ને બધે વિસ્તર્યો,
રહ્યો જળ ને પાછો હું જળમાં તર્યો !
કે 'સ્થિતિ'માં મારી રહી છે 'ગતિ'
નથી હું મર્યો કે નથી અવતર્યો !

***

અસ્તિત્વના પરાક્રમે આ શું કર્યું 'અનિલ'
દર્પણ બનાવવા જતાં ચહેરો ફૂટી ગયો.

O ગઝલ

છીપલાના કાનમાં બોલ્યા કર્યું.
થોરના પંજામાં બસ જોયાં કર્યું.

શંખલે સાગર થઈને ઘૂઘવ્યા,
ફીણમાં ઓજસ બધું ખોયાં કર્યું.

ત્યાં હરાયા ઢોરની જિહ્વા હતી,
સંસ્કૃતિની વાડ પર કોળ્યાં કર્યું.

પથ્થરો તો કૈં જ કૂણા ના થયા,
પ્રાર્થનાઓમાં અમી ઢોળ્યાં કર્યું.

દૂરતાનો તાગ મેળવવા 'અનિલ',
આંખ પર આકાશને તોળ્યા કર્યું.

O પહેલી પ્રીત

યૌવનની પ્રીત પ્હેલી, ફાગણની રંગહેલી !
હૈયુ અતિ અધીરું ને આંખ સાવ ઘેલી !

નયને કટાક્ષ આછા વાણી પ્રીતે રસેલી,
હૈયામાં પ્રીત જાણે મ્હેંકી ઊઠી ચમેલી!

પ્રસરે છે એમ બાહુ, વીંટળાય છે જેમ વેલી.
શરમાઈ તે રહ્યાં છે, મેં સાવ લાજ મેલી!

ઈર્ષ્યાળુ કેટલી છે, ઊગી ઉષા વહેલી!
જોઈ રહ્યાં છો સ્વપ્નો ! કાં આંખ છે ઢળેલી ?

તારી શરમની લાલી ગુલમ્હોરમાંય રેલી !
કાં આંગળીઓ આજે પાલવથી ખૂબ ખેલી ?

ફૂલો તો શું વસંતે કળીઓ છે છકેલી,
સુંદર છે એ 'અનિલ', મેં વસ્તુઓ સૌ ચહેલી.

***

રૂપનાં નિર્મળ પ્રતિબિંબો પડ્યાં વિના રહે ?
મેં જગત સુંદર કર્યું, હું એટલો સુંદર થયો.

***

એ રહ્યો ઇશ્વર, ખપે એને અરૂપ;
માનવી છું, મારે ઘડવું જોઇએ !

O રતિલાલ 'અનિલ'

O ચાર પડોશણની એક વાત



તેઓ કાચની કામણગારી પૂતળીઓ નથી
અપ્સરા ,આમ્રપાલી ,પદ્મિની કે રૂપમતી નથી
તમે કદાચ કામદેવની કલ્પનામાં હો તો
જવા દો, વાત જુદી છે !

તેઓ આધેડથી ઓછી પાક્કી પરણેતરો છે
એ ચારમાંની પહેલી
ઠીંગણી અને બટકબોલી છે
તેનો અવાજ લવિંગિયા ફટાકડા જેવો
પણ તેણી પીવાના પાણી જેવી ચોખ્ખી છે
બીજી, પહેલી ત્રણ કરતાં રૂપાળી તેથી અભિમાની છે
વઢકણી વહુ ખરી પણ
કોઈ સામેથી બોલાવે તો મરી પડે તેવી
જે ત્રીજી છે, તે દૂધની જાડી તર જેવી
ચોથીનો દેખ લઈ ફેશન કરે ત્યારે જોવા જેવી
પણ હસમુખી બહુ ..
ચોથી,ચતુરચંચલા કૃષ્ણકળી
બીજીના મત મુજબ ઈ અદેખી મૂઈ છે
પણ ધરમધ્યાનવાળી ખરી

આમ જુઓ તો
ચારેય ચુંબકના વિરુદ્ધ ધ્રુવો જેવી
પહેલીને ત્રીજી સાથે ને બીજીને ચોથી સાથે
અબોલાં હોય અને ન પણ હોય!
કઈ વાતમાં વાંકુ પડ્યું હોય તે ભગવાનનો વિષય!
એક વાતમાં ચારેય સરખી
આ કામઢી ચકલીઓનો ચી ચી સંસાર
વીતી વાત વિસરી વહેલી સવારથી જ શરૂ ...
ઝાપટે વાળે પાણી ભરે .પોતાં કરે
ઘસી ઘસી ઘર અરીસા કરે
છોકરાઓને નિશાળે
વરના ભાણાં ભરી કામધંધે

છેક બપોરે પરવારે ..
ધણી–ધણિયાણીના ઝગડાઓ
રસપૂર્વક જુએ ટી.વી. પર
રૂપાળી રખાતો પર થૂંકે મનોમન
ક્યારેક ચારેય ચર્ચા કરે અલકમલકની
વરની વાતું ના કરે એકબીજીને એવી પાક્કી
વરને બચાવે એકબીજીની નજરુંથી ...



ઘોરી લે બપ્પોરે થાક ઉતારવા
ફરી સાંજનો સંસાર ..
અંધકાર ઉતરે પછી ઢૂન્ગલો વળે ક્યારેક
ખટપટનો ખટરસ ઘૂસપૂસ તાળીઓ ખી ખી ..
ક્યારેક શાંતિ છવાઈ જાય
કોઈની આંખે પીલુડાં પડે, લુછાય !
તેઓના વર મોડા આવે
ખુલ્લા રહેતાં બારણાં ભિડાય
ચંદ્રની ચકોરીઓ ગાયબ

ક્યારેક મધરાતે કોઈક કોઈકના
ઘરમાંથી દબાયેલા અવાજો સંભળાય
માથા અફળાય રૂદન થાય ડૂસકાં સંભળાય
સમજાય નહીં
વરના પેટ અને પેડુને પામી ગયેલી
આ પાક્કી પરણેતરો
મારી પડોશણોને ચાર ભીંતો વચ્ચે
કયું દુ:ખ તૂટી પડતું હશે?


O મહેન્દ્ર જોષી

O કશું લખેલ નથી



તમારી યાદ છે તે યાદ છે, ખલેલ નથી,
એ ચાલુ થાય, પૂરો થાય તેવો ખેલ નથી.
નજર મળી છે છતાંયે નજર ન કાંઈ ચડે,
અમાસી રાત છે ને દીવામાંય તેલ નથી.
બનાવ ખૂબ બને ને નિશાન હોય નહીં,
સુનામી નામ રહ્યું ને કશું બચેલ નથી.
મળેલ શ્વાસ ઉપરની બધે સવારી છે,
એ એવા ઊંટ છે જેને પડી નકેલ નથી.
કલમ નમે છે કાગળને રોજ ઈશ ગણી,
લખાઈ જાય છે ક્યારે કશું લખેલ નથી.
ભીતરના તાપથી તપતાં સરે છે આંસુઓ,
બતાવું કૈ રીતે તે બર્ફ થઈ સરેલ નથી.
સંબંધ સૌનો જડાયો અદીઠ દોરાથી,
થવાનું થાય છે જેનો કદી ઉકેલ નથી.
તમારી યાદને લઈને પછી વિદાય થશું,
જીવન તો પોત છે, કિલ્લો નથી કે જેલ નથી.

O ભાસ્કર ભટ્ટ





O હરિવર – ગાણું

હરિવર મળી ગયો ફોગટમાં,
મેં ખોલી જ્યાં ઘરની બારી,
ઊભો હતો એ પટમાં... હરિવર

ફૂલ-શી એણે આંખ ઉઘાડી,
પવન સમી આંગળ અડકાડી,
પંખી ટહૂકે ચપટ વગાડી,
સૂતી આંખને એમ જગાડી,
ઘરસોતી એણે લઈ લીધી,
પલક ઝપકતાં ચપટમાં... હરિવર

નજર સમાઈ સપનું પૂછ્યું,
જીભ ફેરવી આંસુ લૂછ્યું,
મને ન કાંઈ કહેવાનું સૂઝ્યું,
કપાળ અડકી એની મૂછ્યું,
નાડમાં નાચી એણે કીધું,
નામ હવે તું રટમાં... હરિવર

O ભાસ્કર ભટ્ટ

O ગઝલ

લઈને ફરીશ ક્યાં સુધી આખું તળાવ, યાર !
પાસે ઊભીને એક-બે ફોટા પડાવ, યાર !

જોજે, શિશુની જેમ એ માની જશે તુરંત
રડતા હૃદયને હાથમાં તેડી હસાવ, યાર !

જોજે કે પેચ આપણા લાગી ન જાય ક્યાંક
તારી પતંગ તું જરા આઘે ચગાવ, યાર !

દરકાર જો નહીં કરે, જામી જશે પ્રદેશ
થીજી ગયેલ આંસુઓ તડકે તપાવ, યાર !

ઈશ્વર મળે જો ક્યાંક તો કહેવું છે એટલું જ-
થોડી તો માણસાઈથી દુનિયા ચલાવ, યાર !



O મિલિન્દ ગઢવી





O ટ્રાયોલેટ : પેરેડાઈસ

એમના ઘરની સાવ બાજુમાં
મેઘધનુષે પડાવ નાખ્યો છે !
વાદળીનું તળાવ બાજુમાં
એમના ઘરની સાવ બાજુમાં
તું ય તંબૂ તણાવ બાજુમાં
મેં ખુદાને સુઝાવ આપ્યો છે !
એમના ઘરની સાવ બાજુમાં
મેઘધનુષે પડાવ નાખ્યો છે !

O મિલિન્દ ગઢવી

O ગીત

પાંદડાં ખેરવી નાખ્યાં એનો રાખવો શાનો ક્રોધ,
          ખાખરાને એની બદલે દીધો ફૂલડાં કેરો ધોધ.

જો તમસથી અજવાસની દિશા એટલે પ્રગતિ હોય,
તો પાંદડાં અને મૂળની   ગતિ ઊલટી-સૂલટી હોય,
તેજ અને ભેજના ભેદને ભાંગતો લાધશે ક્યારે બોધ
          પાંદડાં ખેરવી નાખ્યાં એનો રાખવો શાને ક્રોધ.

એક જ ડીંટડી ઉપર કેરી-મંજરી ભેગી થાત,
ખેરવી દઈને મંજરી પછી ફળ ફળાવે જાત,
વ્હાલ વધારે કરતાં જેને એ જ બને અવરોધ,
          પાંદડાં ખેરવી નાખ્યાં એનો રાખવો શાને ક્રોધ.



O સતીશચન્દ્ર વ્યાસ ‘શબ્દ’





O ગીત

કોરી રહેલ કળી શ્વાસની જરાય પણ ના ઢળી
                              જે પલળી તે લળી !

          લીલા શ્વાસને ફૂંક લગાવી,
          સૂર તણી ના સૂરતા આપી !
          જીવતરવનમાં ભટકી વળ્યા,
          તોય છતાં સગપણ ના મળ્યાં !

જાન શ્વાસની લીલા તોરણે ઠાલી પાછી વળી,
કોરી રહેલ કળી શ્વાસની જરાય પણ ના ઢળી !

ફૂલને સ્પર્શીને જોવાની ઇચ્છા થઈ ન પૂરી,
મારી તો રસ – રૂપ – રંગની ઇચ્છા સદા અધૂરી.
છોડ સુધી જ્યાં હું પહોંચું ત્યાં કળી જાય છે ફળી,
                              જે પલળી તે લળી !

O સતીશચન્દ્ર વ્યાસ ‘શબ્દ’

o ગૂંચ




ન કોઈ મનમેળ
ન કોઈ એકમેકના તળ પામવા
દિલથી ધસમસતા જઈ
તિરોહિત થઈ
ઐક્યની ભૂમિએ ઉછાળા મારવાની વાત

સ્નેહીજન, આપણે તો રહ્યાં
હતાં ત્યાંનાં ત્યાં
અંકુરિત થયા વિનાનાં બીજ જેવાં
મલિનતાના કવચથી મઢાયેલાં
કોઈ પણ રીતની આપ-લે વિહોણાં
અકબંધ

આપણી અંદર શિખરે
ક્યારનું વાટ જોતું સાચ
વૃદ્ધ થઈ ચૂક્યું
એને ભેટી
ગગને ચકરાઈને પેલું
હમદર્દીલું ગાણું
સાંભળવાની વાત તો
છેક લગી કોરે જ રહી

તમારું કે મારું
કંઈ જ ન થઈ શકે
તમારા અને મારા આધારે
સદીઓથી ઊભેલું આ વિશ્વ
હજું કટાયેલું જ

o ફારૂક શાહ





o હુકમની ભાષા



આકાશની સામું ન જોઈશ
માટી ખોતરવાનું બંધ કર

વરસાદને તારા શરીર પર ઝીલીશ નહીં
ભલેને તાપ બધુંયે તારું પાણી ઉલેચી જાય

શિયાળે તારા હાથની ગરમીથી
આ પવનને હૂંફ આપ

દહાડાઓ ગણવાનું રહેવા દે
તારા બચેલા શ્વાસનો આંકડો માંડ

પાણીથીયે પાતળો થઈશ
ત્યારે જ તો મર્યા વગર
હેમખેમ આ વૈતરણી પાર કરીશ

લે માપી બતાડ
હજીયે કેટલું પાણી બચ્યું છે, તારામાં?

ઝટ કર !

o પીયૂષ ઠક્કર

O પપલંતી પાંખો....



પપલંતી પાંખો હીંચોળતી
ફરકંતી આંખોની કાબરી ચકલી પર
ભૂરા આકાશનો ખરેલો ટુકડો ઝળૂંબે છે
ત્યારે તે ઘેલી ફરફરે છે

છટપટે છે, તરફડે છે
છત પર નાસી છૂટેલી
સ્મૃતિભ્રંશી ગરોળીની
કપાઈ ગયેલી પૂંછડી જેવી
-સ્વનો છંદોબદ્ધ પ્રતિઘોષ કરતી
ગરોળીની સ્પ્લિટ સેલ્ફ
અપૂર્ણતામાં પૂર્ણ, પૂર્ણતામાં અપૂર્ણ-
નીલાંબરી ટુકડાને ઝીલવા
એની દગ્ધ રતુંબડી છાતી પર મસળવા
ચૂનામાં ચોળાતા તમાકુ
તમાકુમાં ચોળાતા ચૂના પેઠે
એનાં બારીબારણાં વગરના ઓરડાની દીવાલે ટાંગવા

પરંતુ
એના સૂર્યવિમુખી પંજા
સપડાયેલા છે કરોળિયાનાં જટિલ જાળામાં
આડીઅવળી અસંખ્ય લક્ષ્મણરેખાઓનાં માળામાં
એની પાંખો પર ઊતરી આવ્યો છે
રણનાં ઝાંઝવાંનો ભાર
એની નસેનસમાં વહે છે
સદીઓ જૂનો કારાવાસનો અંધકાર
આખા આકાશને ભરખી ગયેલ દરિયો
ચપટીભર ભુરાશને પણ ભચોભચ ગળચી જાય
તે પહેલાં ચકલીએ મોભિયાનો મોહ છાંડવો પડશે
સળગતા વનમાં માળો બાંધવો પડશે
વમળાતા વંટોળના મૂળમાં સ્વપ્નો વાવવાં પડશે
ભડથિયાં શહેરોની માતેલી મેશ આંખે આંજવી પડશે
વેરણ રાતોને ચાંચે ઝાલી રૂંવેરૂંવે માંજવી પડશે
મજારવાડાનો માતમ નાભિએ દાટવો પડશે
ઈષ્ટિકાના પાયે લથડતા ઈતિહાસના ગળે કરવત મુકાવવી પડશે



ઓ ચકલીબાઈ
ભલે તૂટે ત્રણ પણ તેર સાંધ
વળ ખાતી વેદનાની કાથીએ
કાયાની કરકટી બાંધ.

O હેમાંગ દેસાઈ




O તવાઈ ગયેલી રાત અને હું

તવાઈ ગયેલી રાત અને હું
નિર્વસ્ત્ર અને શિથિલ
સૂતાં છીએ સમયની ઈથર ચડાવેલ તીક્ષ્ણ ધાર પર
અનર્ગલ રાતની સાથળો વચ્ચેથી ઝરપી
મારી રોમાંચિત ચામડી પર રેલાઈ ગયેલી શ્વેત ચાંદનીમાં
આજે મૃત્યુની ગંધ છે અને
ઊલટા પગે એના જાળાને અનુસરતો
છત ભૂલેલો કરોળિયો કૂચ કરે છે આત્મજ્ઞાન તરફ

અવારનવાર આ માઝમ રાતે મને કહ્યું છે,
’મારા રક્તમાં તારું પ્રયાગ છે
લે માર ડૂબકી.’
કાલે આ ઉન્મત્ત નિશા મારી બાંહોમાં વહી નહીં આવે
એટલે જ આજે મેં એનો વાંસો નહોર્યો છે
એના અબ્ર સમાં સ્તનોમાં મારા રાક્ષી દાંત ખોડ્યા છે
એનાં પોત પર ચોડેલાં તારલા ઊખેડ્યા છે
એના ઉષ્ણ રક્તનો સ્વાદ હજી મારી જીભ પર ફરકી રહ્યો છે
એના શ્વાસમાંથી સ્ત્રવતી મ્હેંક મારા રોમે રોમે ગહેકી રહી છે

હવે હરહંમેશ આ રાત મારી સાથે છે
ઘૂંટીને ઘેરા કરેલા અસ્તિત્વનો ઓથાર મારી સાથે છે
અને સાથે છે
વસંતને ફીકી પાડી દે એવા રૌદ્ર ઉનાળા
એક જન્મારાથી વેંઢારેલી નપુંસકતાને વખોડતાં રૂપકો
યાદોના કૉલાજનાં કોઈ ઊંડા ખૂણેથી વહી આવતી વિસ્મૃતિની ચીસો
કમોતે મરેલા સબંધોનાં અસ્થિ
વેરાન આંખોમાં ઊંડેઊંડે ટમટમતો ધીમો અજવાશ
લીલી નસોમાં જાળવી રાખેલા નિબીડ વેદનનાં મમી
ખોપરીની ગુફામાં 'અકબંધ
અનુભૂતિ અને સુન્નતાનાં ઉંબરે ઊભી દોરેલાં ભીંતપત્રો



ભવિષ્ય તો એક મૃગજળ
અને વર્તમાન એક સનાતન
તો ભૂત એ સનાતનનું સત્ય
ભૂતકાળને ઝીલતી પ્રલંબ આરસી છે વર્તમાન
ફર્ક એટલો કે એ આરસીમાં દેખાતી વસ્તુઓ હોય
તેનાથી દૂર દેખાય છે.

O હેમાંગ દેસાઈ



O ગઝલ

એ તરફ ગીતમાં તરબતર છોકરી
આ તરફ ધારવંતા છરા દોસ્તો

સેંકડો સ્ક્વેરફીટમાં સમાતાં નથી
એષણાનાં અનર્ગળ પરાં દોસ્તો

શાંત પડતી ગઈ શેરીઓ ગામની
વૃધ્ધ બનતા ગયા છોકરા દોસ્તો

પીઠ છે આપણી મખમલી એ ખરું
કાળના હાથ છે કરકરા દોસ્તો

નિત ઊઠી આંગણે જૂઈનાં પાંદડાં !
નિત ઊઠીને નવા ખરખરા દોસ્તો

O યોગેશ વૈદ્ય

O અજાણ્યો પ્રવાસી



૭.૪૦ની ટ્રેન
ઊપડી
અને
પ્લેટફોર્મ પરની ઘડિયાળ
લંગડાવા લાગી.

ચા વાળો છોકરો
સ્ટેશનના દરવાજા સુધી તો હતો મારી જોડે
ગુમ થઈ ગયો અચાનક ક્યાંક...

બ્હાર સડક પર
પોલિસની સીટીનો અવાજ
મારા સુધી પહોંચતાં પહોંચતાં
તૂટીને વિખેરાઈ ગયો.

કેમ કહું ?
મારા જ ઘરનો રસ્તો
ગૂંચવાઈ ગયો છે.

૭.૪૦ની ટ્રેનના
ઓ અજાણ્યા પ્રવાસી
તારા સામાનને
જોઈ-તપાસી લેજે ને , ભાઈ !...

O યોગેશ વૈદ્ય



O ગઝલ

સવારના ઉત્સાહ ઉમંગો સાંજ સુધીમાં ઘરડાવાના
સંબંધો માટીનાં વાસણ એક દિવસ તો તરડાવાનાં

બાગ મળ્યો- તો કંટકશોધન કરવું પડશે એ નક્કી છે
ફોરમને સાચવવા જાતાં હાથ સતત ઉઝરડાવાના

દૃષ્ટિ માત્ર પડ્યેથી લોકો એની કિંમત કાઢી લેશે
ખૂન કરો કે કામ કરો વસ્ત્રો બંનેમાં ખરડાવાનાં

એ જ મથામણ યુગયુગથી ચાલે એમાંથી નીકળવાની
સુખ હો દુઃખ હો બંને અજગર જીવન-ફરતે ભરડાવાના

નિર્ણયને વળગી રહેવામાં સાચો સાર સમાયો' નીરજ'
સૌને રાજી કેમ કરીશું થોડા મોં તો મરડાવાનાં



O ડૉ. નીરજ મહેતા

O મિતવા

રહ્યો ન એવો લગાવ મિતવા
સમય સમયનો પ્રભાવ મિતવા


વિયોગનો માર્ગ ખૂબ કપરો
કળે છે તારો અભાવ મિતવા
તું એક પળ તો વિતાવ મિતવા!

જે સત્ય છે એ જ તો કહું છું
ન દે અકળ હાવભાવ મિતવા

ઘણા પ્રયત્નો કર્યા બદલવા
રદીફ જેવો સ્વભાવ મિતવા
નભી શકે તો નિભાવ મિતવા

ડરી ગયાં છે બધાંય શસ્ત્રો
બન્યો હશે શું બનાવ મિતવા?

O ડૉ. નીરજ મહેતા



O ગઝલ

સાચવીશ સ્મરણો ક્યાં લગ? છાતી પર મગ દળશે , મગ.
જાણું છું એની રગરગ, છાતી પર મગ દળશે, મગ.

સ્મરણો જીવવાનો આધાર, એકલતામાં છે સધિયાર
વાત બધીયે છે હમ્બગ, છાતી પર મગ દળશે , મગ.

એને ના આંસુથી સીંચ, વધશે ભીતર ગીચોગીચ
રહેવા દેશે નહિ મારગ, છાતી પર મગ દળશે , મગ.

સ્મરણો પર રાખીને મોહ, વ્હોર્યો છે તેં જાતે દ્રોહ
એને તું ના આમ વળગ, છાતી પર મગ દળશે , મગ.

કરશે વર્તન સાવ અલગ, પીડાની વાપરશે વગ
છાતી પર રાખીને પગ, છાતી પર મગ દળશે , મગ.

O ડૉ. નીરજ મહેતા



Oપુસ્તક પરિચય

જિતુ પુરોહિત



O એક પ્રકાશપુંજ સમાન – ઈથરના સમુદ્ર

'ઈથરના સમુદ્ર' રાજકોટના કવિ મહેન્દ્ર જોષીનું સાતમું પુસ્તક છે. આ પુસ્તકમાં કવિએ ૪૯ ગઝલો અને ૧૪ અછાંદસ રચનાઓ આપી છે.

આરંભમાં કવિ સંજુ વાળાએ અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના- 'સભાનતાપૂર્વકની મથામણ' માં આ કવિની રચનાઓની વિસ્તારથી મૂલવણી કરી છે. સંજુ વાળા લખે છે :

"આ કવિની અભિવ્યક્તિ મુખ્યત્વે ગઝલ સ્વરૂપમાં હોઈ, અહીં અન્ય કાવ્યોના પ્રમાણમાં ગઝલની સંખ્યા વધારે છે. સર્જક માટે અભિવ્યક્ત થવું જરૂરી બને ત્યારે તેને વધુ હથોટીવાળા સ્વરૂપમાં વ્યક્ત થવું ગમતું હોય છે."

કવિ સંજુ વાળા આગળ લખે છે : " આ સંગ્રહની ગઝલોને આધુનિક કાળની અને કેટલેક અંશે ત્યાંથી આગળ વધતી ગઝલો તરીકે પ્રમાણી શકાય તેમ છે."


" આ કવિ પાસે ગઝલની ચોક્કસ પ્રકારની વિભાવના છે. નિરુપણની એક શૈલી છે.અને સભાનતાપૂર્વકનો એક આશય પણ છે. એની મથામણ કવિતાનાં આંતરિક મર્મસ્થાનો ઉઘાડવાથી જણાઈ આવે છે."

કવિ સંજુ વાળાએ પોતાના મતને સંપુષ્ટ કરતાં દેષ્ટાંતો પણ સંગ્રહમાંથી ટાંક્યાં છે.

કવિની રચનાઓમાંથી પસાર થતાં અનેક સ્થળે ભાવકને રસપ્રચૂર ગઝલપંક્તિઓ પ્રાપ્ત થાય છે. એ બાબત નિર્વિવાદ છે. કેટલાક ગઝલકારોની પોતાની એક આગવી છટા હોય છે, જેમાં મહેન્દ્ર જોષીનો સમાવેશ થાય છે. કવિનો આ શે'ર જુઓ -

મધમાં ઓગળતી મધરાત,
મારે મન તો એય પ્રભાત.

રાતની સુંદરતા પ્રભાતથી અનેરી કવિએ બતાવી છે. વળી કવિનો આ શે'ર જુઓ -



આ પિંડમાં જાણે અજરનો વાસ થાતો જાય છે.
ને પાંપણોની પાર કૈં અજવાસ થાતો જાય છે.

પિંડમાં અજરનો વાસ થતાં ભીતર અજવાળું અજવાળું ભાસે છે.

એક કવિની મિલકત કેટલી ? કવિ લખે છે -

કાગળ કલમ ને મેજ છે એથી વધુ શું જોઈએ
આંખોમાં થોડો ભેજ છે એથી વધુ શું જોઈએ

કવિને બસ આટલું જ ખપે. બીજાના દુ:ખે દુ:ખી થતો કવિ આગળ લખે છે -

હાથથી છૂટી ગયેલા કોઈ મંજીરા સમું,
સહેજ અમથું રણઝણીને લ્યો અમે બેસી ગયા.

વળી આ શે'રની સુંદરતા જુઓ -

આંખ દાબી કોઈ વર્ષો બાદ પૂછે કોણ છું ?
નામ ત્યારે ધારવું એ છેક અઘરી વાત છે.

અહીં શે'રમાં રહેલી ભૂતકાળની ભવ્યતા અને સુંદરતા દૃશ્યમાન થાય છે. વળી આ શે'રમાં જુઓ -

પ્રવાસી તું ય લખ તારી પ્રિયાનું નામ,
ફરી ઝણકી જશે ઝાંઝર હવેલીમાં.

એ જ ગઝલનો બીજો ઉમદા શે'ર -

પરમ સૌંદર્યની ક્ષણ જલકમલવત્ છે
ન ભર વસ્તુઓ ઝાઝી રોજ થેલીમાં.

આજના દોમ દોમ સાહ્યબીમાં રાચતા કવિઓને પણ કવિએ આ શે'ર કહ્યો છે. -

શાલ ઓઢી રેશમી કવિતા કરે
ક્યાં ભલા તું, ક્યાં કબીરી કામળી !

અંતરમાં છલકાતી વેદના-સંવેદનાનું પ્રગટીકરણ વાંછતા આ કવિ લખે છે -

વહન ઝરણાનું દે અથવા ઉડાવી દે વરાળોમાં
તું મારી આંખના ખાબોચિયાનું દ્વાર ખોલી નાંખ.

કવિ પરમ પાસે પણ એક અનેરી યાચના કરે છે -

દે મને તું આટલી બસ પાત્રતા,
એક પળમાં ઊઘડે આખું અલખ.

અહીં કોઈ કોઈનું સાંભળતું નથી.જુઓ -

કોણ કહે છે કોણ સુણે છે
હાહા - હોહો દેકારો છે.

વળી આ શે'ર માણો -

ચાલશે ના ચાલબાજી હે ચતુર,
જણ ભલે હો અર્ધઘેલું ચાલશે.

કવિની અછંદસ રચનાઓમાં પણ કાવ્યત્વ હેલે ચડેલું નજરે ચડે છે. ફરી સંજુ વાળાના શબ્દો: " આ કવિએ બોલચાલની ભાષામાં ઠઠ્ઠો કે વક્રોક્તિ કરવાની હોય કે તત્સમ પદાવલિ લઈને પ્રાકૃતિક તત્વની અખિલાઈને સ્પર્શવાની હોય ત્યાં ભાષા પ્રત્યે સભાનતા દેખાઈ આવે છે. "

કવિની આ સભાનતાને સલામ ! હજી પણ આ કવિ તરફથી વધુ ને વધુ સુંદર કવિતાઓ સાંપડે તેવી અભ્યર્થના.

'ઈથરના સમુદ્ર' કવિ: મહેન્દ્ર જોષી,
પ્રકાશક -દર્શક ફાઉન્ડેશન,પાનાં- ૯૧ , કિંમત - રૂ. ૧૦૦ .૦૦
કવિ સંપર્ક: ૦૨૮૧ ૨૫૬ ૧૦૩૭

– સાહિત્યવૃત્ત –

O કલોલ ખાતે તા. ૨૭-૦૮-૨૦૧૩ના રોજ 'પ્રત્યાશા' નામક સામયિકનું વિમોચન સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈના હસ્તે થયું. સામયિકના તંત્રી શ્રી લક્ષ્મણ ડી. બ્રાહ્મણનું પ્રાસંગિક પ્રવચન તથા કવિશ્રી શૈલેશ પંડ્યાનું સંચાલન. આ પ્રસંગે યોજાયેલ કવિસંમેલમનમાં સર્વશ્રી અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, મનિષ પાઠક, તેજસ દવે, કાલીદાસ પ્રજાપતિ, સંજય ચૌહાણ અને કેશુભાઈ દેસાઈએ કાવ્યપઠન કર્યું.

O લંડનનાં શ્રીમતી હીરલબેન શાહે ઈન્ટરનેટ પર બાળકો/ કિશોરોના શિક્ષણ માટે એક વેબસાઈટ 'ઈ -વિદ્યાલય' (http://evidyalay.net/) શરૂ કરી છે; જેમાં તેમણે બનાવેલાં ૩૦૦ ઉપરાંત શૈક્ષણિક વિડિયો, પ્રેરક જીવનચરિત્રો, બાળવાર્તાઓ / બાળગીતો, નેટ ઉપર શિક્ષણને લગતી બધી વેબસાઈટો અંગે માહિતી અને લિંક્સનો સમાવેશ કરવામાં આવ્યો છે.

O જામનગર ખાતે જે.જે.સાહિત્ય ઉપાસના ગઝલ સ્પર્ધા વર્ષ - ૪નું આયોજન થઈ રહ્યું છે. સર્જકોને ગઝલની રદીફમાં 'દીકરી' શબ્દનો ઉપયોગ કરી લખાયેલી ગઝલ ડૉ.કેતન કારિયા, ૪૦૧,રઘુલીલા, વાલ્કેશ્વરી નગરી, જામનગર. મોબાઇલ - ૯૮૯૮૨૬૧૬૭૬, ઇ-મેઇલ : dr.ketankaria@gmail.com ને તા. ૨૩-૧૦-૨૦૧૩ પહેલા મોકલી આપવા જણાવાયેલ છે. દર વર્ષ માફક વિજેતા કૃતિઓને પુરસ્કૃત કરવામાં આવશે.

O 'ઝરૂખો' અંતર્ગત તા.૭/૯/૨૦૧૩ના રોજ બોરીવલી, મુંબઈ ખાતે જાણીતા સર્જક, શિક્ષણશાસ્ત્રી તથા કટારલેખક ભદ્રાયુ વછરાજાનીએ શ્રી સાઈલીલા વેલ્ફેર દ્વારા આયોજિત કાર્યક્રમમાં 'મારી માતૃભાષા, મારી ત્વચા' એ વિષય પર પોતાનું રસપ્રદ વક્તવ્ય આપ્યું .

(આપની આસપાસ બનતી સાહિત્યિક ઘટનાઓને ઝીલવા 'નિસ્યંદન' ઉત્સુક છે.)


O આ કોઈ સુંવાળી કન્યાઓ નથી- ભાગ ૨

મૂળ લેખઃ મર્જોરી અગોસીન
અનુવાદ : હિમાન્શુ પટેલ.

(લેટિન અમેરીકાની કવયિત્રીઓનાં કાર્યનો પ્રતિનિધિ સંગ્રહ These are not sweet girls ના આમુખનું ગુજરાતી ભાષાંતર શ્રી હિમાન્શુ પટેલ દ્વારા કુલ ત્રણ હપ્તાઓમાં આપ સમક્ષ મુકાઈ રહ્યું છે, **જેનો આ બીજો હ્પ્તો છે**.લેટિન અમેરીકાની કાવ્યપ્રવૃત્તિ અને કવયિત્રીઓ વિષે ઘણી રસપ્રદ માહિતી આ લેખ દ્વારા આપણને મળી રહે છે. - **સંપાદક**)

આ બીજા ભાગની કવયિત્રીઓ પ્રેમ, આતુરતા અને ભાષા- ખાસ કરી કૃતિસર્જન, લખાણની લાક્ષણિકતાથી સંકળાયેલી છે. " ઊર્મિયુક્ત નાદ આ વિભાગમાં રૂઢી સામે માથું ઊંચકે અને ઉથલાવે; એને એ જેલ ગણાવે. ભાષાથી બળવો પોકારતાં સર્જકો જે રોજિંદા જીવનને યુદ્ધનું મેદાન બનાવી પ્રકાશ પાડે જ્યાં ઉદ્દેશ અવ્યવસ્થા અને સ્વતંત્રતા સૂચવવાનો થઈ જાય છે..."

O તું કવિતા નથી



તારી હયાતિને લીધે
મારે પણ હોવું જ જોઇએ, તો એ જૂઠાણું છે.

આપણાથી વધારે કશું નથીઃ એક યુગ્મ,
બાળકમાં સુસંગત બે લિંગદેહ,
સંલગ્ન મસ્તકો, એકમેકને વિચારતાં નથી
(જેથી બેમાંથી એકેય પ્રતિબિંબ ના થઈ જાય)
પણ તાકી રહે સીધું, બીજા સામે.

અન્યતર : મધ્યસ્થી, ન્યાયાધીશ, સમતુલન
વિરોધીઓનું, સાક્ષી,
ગાંઠ એમાં જ્યાં તૂટેલું પુનઃગાંઠેલું.


અન્યતર મૂંગાપણું જે માગે ધ્વનિ
બોલે છે તેમાંથી
અને સાંભળે છે તે કાન માટે તકાદો કરે.
અન્યતર. અન્ય સાથે
માનવતા, સંવાદ, કવિતા, આરંભાય.

O રોઝારિઓ કાસ્ટિલાનો , મેક્ષિકો

O હવે જ્યારે હું પુખ્ત થઈ છું, મા

તું જે સાવ અબુધ હતી બધું સમજી હતી
અરવ અને ભરપૂર તું મને અવતરી
મારા પટ પર ઢોળાતી
તારું શાંત, સ્વસ્થ વિશ્વ.
તેથી હું તને ફરી ફરી મૂકી જતી હતી,ઉછરતી,
જીવન યુદ્ધમાં ખડતલ રહેજે
હું જાણું છું કે હમેશાં

ખખડાટ પાછળ મૂકી
ઘેર પાછી ફરી શકું છું,
તારા વ્હાલસોયાપણાના અજર મૂળમાં
જ્યાં હું પણ નાની દીકરી હતી
તારા પ્રેમમાં જળવાયેલી.
હવે હું પુખ્ત છું, મા
અને હતાશા મારું હ્રદય ચાટે છે,
ભયનો પરસેવો
મારી આંખોને નિષ્કર્મ કરી જાય.
લોહીથી સજ્જ, રાત્રે
મેં તારું ગંભીર નામ રટ્યું
આજે મૃત્યુમાં નગ્ન અને ઉજ્જ્વળ.



O ક્લેમેન્ટિના સુઆરેઝ , હાન્ડુરસ

(ગતાંકથી ચાલુ)

જોકે સ્ત્રી કાવ્ય -પરંપરા વિશે કહેવું અને એ કાવ્યોને આધુનિક વા અનુઆધુનિક, સંક્ષિપ્ત કે અલંકારિક તરીકે ઓળખાવવાં, સહેલું નથી. મને લાગે છે કે આ પાઠ દેખાડે છે કે એવી સ્ત્રી કવિ 'સંસ્કૃતિ' છે જે વૈયક્તિક, છતાં સામૂહિક રીતે ઇતિહાસ રચી શકે છે. જેમ જેમ દક્ષિણ વિશ્વમાં કાવ્યવાંચન નવ્ય મહત્વ મેળવતું ગયું - જ્યાં સ્ત્રી સાહિત્ય ફરતે અરવ અને જાતીય કાવતરું ફરી વળ્યું છે, ખાસ કરી સરમુખ્ત્યાર કાળમાં- સ્ત્રૈણ સાહિત્ય પ્રતિ નવ્ય પધ્ધતિ સૂચવતાં. સ્ત્રીએ પોતાના સર્જનથી પ્રત્યાઘાત આપ્યો અને પ્રયત્ન કર્યો , એમનાં સર્જન દ્વારા સાહિત્યિક સંધાન ફરીથી વિસ્તારવા અને પ્રત્યક્ષ સંવાદ સાધવા જે અનેક પરંપરા વચ્ચે ઉપલબ્ધ હતું.
સંપાદકોએ અવારનવાર દક્ષિણ અને મધ્ય અમેરીકાના સર્જકો વચ્ચે ભેદ સર્જ્યો છે એમને ઇતિહાસથી દૂર અને છેટા રાખવા. (કદાચ ગુજરાતી સાહિત્યમાં દેશી-વિદેશી સર્જનની આ રીતે જ માવજત કરાઈ છે.) આ સંગ્રહને એના સર્જકોની સ્વકીય શૈલી અને ઇતિહાસ રચવાની યાત્રા સ્વરૂપે વાંચવો જોઇએ. લેટીન અમેરીકાના અનેક સર્જકોને અહીં પ્રતિનિધિત્વ અપાયું છે, જેમ કે આર્જન્ટિના, ક્યુબા, બોલિવિયા, ડૉમિનિકન રિપબ્લિક, ઉરૂગ્વે અને ચિલી. આ સર્જકોની કૃતિ વચ્ચેની સંલગ્નતા, સ્ત્રૈણ કાવ્ય ઢબ સ્થાપે છે.

આ સંગ્રહનો આશય, તો પછી, બાકાયદા સ્ત્રી-શક્તિનો સંવાદ રચવાની શક્તિ છે જે સ્ત્રી કાવ્યત્વને મુખ્ય સાહિત્યિક ધારાથી વિપરિત રાખે છે. આ સંગ્રહ બહુવિધ અને વિકેન્દ્રી સંવાદ સાથે સુમેળ સાધેઃ જો કે , પ્રેમ સેન્દ્રિયતા અને તીવ્રતા મોટાભાગનાં કાવ્યોમાં વ્યક્ત છે, એ કચડાયાં નથી વા લાગણીઓ રુંધાઈ નથી પણ તેને બદલે એમના શબ્દ અને દેહમાં આનંદની શોધ છે.

બહુ અગત્યની વિલક્ષણતા આ સંગ્રહમાં વ્યક્ત થઈ છે તે એમની ધગશ અને કલ્પકશક્તિમાં રજૂ કરાઈ છે. આ સર્જકો ખાસ કરી જે સદીની શરૂઆતમાં અવતર્યા છે , એમના લખાણમાં નક્કર છે; એમના કાવ્ય નીડર, અને તેથી, એમનાં વર્તમાન પુરુષ સર્જકોથી ભિન્ન છે. એવી એક સર્જક છે ક્લેમેન્ટીના સુઆરેઝ, જેનાં કાવ્ય આધુનિક હોવાની છાપ મૂકી જાય છે :

મને અવતરતી જોઈ છે મેં સ્વયં
ઉછરી અરવ
ડાળીઓ વગર જે હાથ સમ દુભવે
ચાલાક, અરવ, અશબ્દ દુભવવા
* * * *

હું મારાં કપડાંમાંથી બહાર નીકળી
અને હું મારા શરીર ઉપર ગબડી પડી
પછી હું સમજી શકી

કિંમત મારાં તળિયાં, મારા હાથ અને
મારા પગ
મારું પેટ અને મારી વાસના, મારી આંખો
અને ચહેરાની..

સુઆરેઝની બાની દેહ સામે બળવો છે, અને નગ્નતાનું એ રૂપક આ સ્ત્રીઓનાં કાવ્યનું સંયોજન તત્વ થઈ જશે. મેં જ્યારે આ કાવ્યો ગોઠવવાનું અને વર્ગીકરણનું મુશ્કેલ કામ શરૂ કર્યું, મને અચાનક કળાયું એનું વહેણ; દેખાયું એમનું સામ્ય. સહિયારાં રૂપકો, ઉઘાડી સેન્દ્રીય અને સ્ફોટ કાલ્પનિકતા. મેં એ પણ જોયું છે કે આ સ્ત્રીઓનાં કાવ્ય શબ્દાડંબરી વા વીરરસના નથી, પણ વૈયક્તિક અને ઐતિહાસિક છે. એમનું વિભાગીય વર્ગીકરણ કરવા જે માનદંડ વપરાયો છે તે મોટાભાગે વિષય આધારિત છે. એ રીતે હું પસંદગીને સાંકળું, સ્ત્રીઓના ધ્વનિ ચંદરવા રૂપે.
'સ્વર્ગના જાદુઈ ચળકાટ સમ ' શરૂ થાય આ સંગ્રહ, જેમાં પ્રેમ, ઇચ્છા અને લેખનથી સંકળાયેલા , ક્લેમેન્ટીના સુઆરેઝ, ડેલમીરા અગુસ્તિની, આઇડીઆ વિલારિન્યો, એના ઇસ્તારુ, ક્રિસ્ટીના પેરી રોસી, અને જુલિયા ડ બર્ગોસ સાથે મળી અપવાદરૂપ જોડાણ સાધે છે ભાષાની શોધ માટે, સહિયારા અવાજ અને ઓળખ માટે. ક્રિસ્ટીના પેરી રોસી સર્જનને પ્રવાસીની ઇમેજથી સર્જે છે પ્રેમની ગુપ્તતા અને ડૂબેલા તન વિશે બોલવાઃ

ઢાંકી દો એને ઔષધિ અને છોડવાથી.
લઈ આવો દૂરાતિદૂરથી ઝીણાં પાંદડાં
વૃક્ષના તંતુ
તાજાં ફૂલ.

આ ચિત્રો દ્વારા પેરી રોસી સ્ત્રી અને ઇચ્છાને સંબોધે છે. એના ઇસ્તારુની કવિતા, પુરુષના તનને એની ભવ્યતાથી આલેખે છે , પણ એક સ્ત્રી જે ઇચ્છે અને લાવી આપે છે - પ્રેમ તથા પુષ્ટિ :

ક્યાંથી આવ્યો છું
સુષુપ્ત માનવી
કયું વાદળું તને ઢોળી ગયું,
કયું જહાજ ?

પોર્ટ રિકન જુલિયા અને ઉરૂગ્વેની ડેલમીરા અનપેક્ષિત પણે સંકળાયેલાં છે, જુલિયા શોધે છે ઇચ્છા અને પ્રેમ, તો ડેલમીરા પ્રેમનું સ્વાતંત્ર્ય. પહેલીવાર પ્રેમનો ઇતિહાસ અને ગેરહાજરીના દ્રષ્ટિકોણથી સાંકળી બોલતાં, જે ખોવાયાં હતાં ત્યક્ત ટાપુઓ પર વા વર્જ્ય કાયા વિષયક સાહસનું પુનર્સર્જન છે, એક જ વિભાગમાં એ બે સ્ત્રીઓનાં કાવ્ય મૂક્યાં એ શરૂઆત છે સુધારણા અને ફેરફારની, સ્ત્રી-કાવ્ય પરંપરાના વલણમાં. ઉપરાંત આ વિભાગમાં સામેલ છે ક્યુબાની સૌથી આદરણીય કવયિત્રી ડૂલ્સી મારીયા લોયનાઝ. સાહિત્ય માટેના પારિતોષિક સર્વાન્ટીસની વિજેતા વાસ્તવિક પણે એનું સર્જન અંગ્રેજી ભાષાને સાવ અજાણ્યું છે. અને ક્લેમેન્ટીના સમ લોયનાઝનું સાહિત્ય ૧૯૨૦ની શરૂઆતથી વણઆંતરી સ્વતંત્રેચ્છા અને શૃંગારથી ભરપુર છે. કાર્લોત્તા કોલ્ફિલ્ડ, ક્યુબન-આઇરીશ સર્જક જે હાલ કેલિફોર્નિયા નિવાસી છે, તે પોતાના સમકાલીન અને એને ક્રિસ્ટીના સમ પોતાની પ્રાચીનતા અને અર્વાચીનતા વહેંચે છે - કવિતા જે મિથીકલ કાળના સ્થળ તથા રૂપકો મિશ્રિત ભાષા જેમાં આત્મખોજની યાત્રા કુશળતાપૂર્વક વણાયેલ છે. કોલફિલ્ડ આ વિભાગમાં વણઓળખ્યા વ્યક્તિત્વની યાત્રા છે જે અંતર પ્રવાસની શક્તિને તપાસે છે, જે યાત્રા છે સ્વક અને 'આત્મસંવેદનાત્મક તંતુ'ની.

આ *‘મીઠડી કન્યાઓ નથી’* વિભાગમાં,આપણને આશ્ચર્યકારક સામ્ય મળે છે , જાણીતી મેક્ષિકન સર્જક રોઝારિયો કાસ્ટિલાનેસ અને પરુની જિયોબાના પોલરોલો વચ્ચે ઊર્મિયુક્ત નાદ આ વિભાગમાં રૂઢી સામે માથું ઊંચકે અને ઉથલાવે ; એને એ જેલ ગણાવે. ભાષાથી બળવો પોકારતાં સર્જકો જે રોજિંદા જીવનને યુદ્ધનું મેદાન બનાવી પ્રકાશ પાડે જ્યાં ઉદ્દેશ અવ્યવસ્થા અને સ્વતંત્રતા સૂચવવાનો થઈ જાય છે. પોર્ટ રીકોની ઓલ્ગા નોલા મૂળગામી અને જોસ્સાભર્યો અવાજ છે કરેબીયનનો. એનાં કાવ્યમાં અનાદરથી પૂર્વસ્થિતિ, રૂઢીપરસ્તથી પુરુષપ્રધાન સમાજ સ્પષ્ટત : નજરે ચડે છે. એનો ‘કાવ્યફતવો’ નવ્ય ફાલને ગૂંજતો કરે છે. આ વિભાગ, ઉપરાંત જે વિભાગ પ્રેમ અને ઇચ્છાને વ્યક્ત કરે છે , તેમાં આપણે નિશ્ચિત વલણ જોઈ શકીએ છીએ, સુપ્રસિદ્ધ ઉક્તિઓથી રોઝારિઓ કાસ્ટીલાનોસ સુધી, જે સૂચવે ” હોવાના બીજા રસ્તાઓ”, ભવ્ય અને વક્રોક્તિ ભર્યાં.

જિયોબાના પોલરોલોના કાવ્ય કહે છે , ’ હું પૂછું છું, પહેલાં આપણે શાની વાતો કરતાં હતાં , જ્યારે આપણને ન હતાં બાળકો, પતિ કે નોકરો ? ’ પાઝ મોલિના, ચીલેની એક મૂળગામી અને ઉશ્કેરણીદાયક સર્જક છે એની પેઢીની. ઓલ્ગા નોલાની સમકાલિન, એની વક્રોક્તિ અને સ્ત્રી-પુરુષના સંબંધો વિશે અનાદર, ખુલ્લી અવજ્ઞાવૃત્તિ અને રોઝારિયોની કાવ્યબાનીની વારસ બનાવે છે. એના સર્જનના પ્રેમ અને દૂર્દૈવતાની આંટીઘૂંટી જીવંત થાય છેઃ ‘હું તોફાનથી અજાણ છું / ઇશ્વરે સમ ખાધા છે મારા રક્ષણના. ’(વધુ આવતા અંકે) કડી-http://www.amazon.com/These-Are-Not-Sweet-Girls/dp/1877727385/ref=sr_1_4?s=books&ie=UTF8&qid=1365735543&sr=1-4&keywords=latin+american+poetry#reader_1877727385

o આપના પ્રતિસાદ......

o શ્રી યોગેશભાઈ, તમારી કાવ્યપ્રીતિ અને સાહિત્યનિષ્ઠા અનન્ય છે. ‘નિસ્યંદન’નાં વાચકવર્ગમાં પ્રતિવર્ષ ધોધમાર વરસાદ વરસતો રહે અને વાચકો તરબોળ થતાં રહે એવી ભાવભીની મંગળ કામના પાઠવતાં હર્ષ ઊભરાય છે. - હર્ષદ દવે

o ‘નિસ્યંદન’નો અંક વાંચીને તુરત પ્રતિભાવ માટે તૈયાર થઈ ગયો. અંક સુંદર સામગ્રીથી સજ્જ હોય જ છે . કેટલીક નવી સફર કરાવો છો ; જેમ કે, હિમાન્શુભાઈની વિદેશી કવિતા વિશેનું વિશ્વ ...ગમે છે આ બધું ..સંપાદકીય લેખ સરસ અને સચ્ચાઈથી ભરેલો છે ...આનંદ ...વધાવું છું તમારી સર્જનશીલતા અને ઉદ્યમશીલતા ને .....- મહેન્દ્ર જોષી, રાજકોટ

o તંત્રીશ્રી યોગેશભાઈ,‘નિસ્યંદન’ -૯ વાંચ્યો.સંપાદકીય લેખ મનનીય રહ્યો. જોકે હું છંદશાસ્ત્રમાં માહિર નથી અને આપની ટકોરમાં તથ્ય હોઈ, નવું શીખવું જોઈએ એવી પ્રતીતિ થઈ. આખાએ અંકમાં આપે વૈવિધ્ય જાળવ્યું છે તે દેખાઈ આવે છે. ‘આપણું અંધારું’- પીયૂષ ઠક્કર અને ‘સાહિલ’ ની ગઝલો ગમી. ફારૂક શેખની કવિતા મારી સમજણની બહાર રહી. રમણીક અગ્રાવતની ‘ભૂરા આકાશમાં લીલું ઘર’ મારી પણ સ્મૃતિને ઢંઢોળી ગઈ. વિવેક ટેલરની બંને રચનાઓ ગમી, ખાસ તો મારા આરાધ્ય દેવ શ્રી કૃષ્ણની ‘ના, નહીં આવું....’.વંચિત કુકમાવાલાની ‘પત્ની’ કવિતા ખૂબ જ ગમી, અને ‘મર્મર’ની ‘ગીત નદીનું નામ...’ ‘સુખ’ આપની કવિતાનું ઇચ્છાથી અંકિત દર્દમય વર્ણન ખૂબ જ ગમ્યું. ડૉ. નીરજ મેહતાની ગઝલ “ દે પિંજરું... ઉડ્ડયન દેજે’ વાંચતાં સ્વ. નાઝિર દેખૈયાની ગઝલ, ‘ખુશી દેજે જમાનાને...’ યાદ આવી, ગમી. ઘણી સામ્યતા છે એમાં. ફારુક શાહનો લેખ ગમ્યો. બગસરાના કવિશ્રી શિવજી રૂખડા વિષે જાણવા મળ્યું. સુમિત્રાનંદન પંતના ફોટા જોઈ આનંદ થયો. “નિસ્યંદન’ આમ જ પ્રગતિ કરતું રહે અને નવોદિત કવિ-લેખકોને પણ સાંકળતું જાય એ જ અભ્યર્થના સાથે, આપને અને આપની ટોળીને ખૂબ ખૂબ અભિનંદન ! - ડૉ. પુરુષોત્તમ મેવાડા, ‘સાજ’

o I wish to thank you specially and exclusively for your choice of the masterpieces/ photographs of TRI JOKO. He paints with light. Uses light as the source in many ways e.g. back light, twilight, low light,high light. He fills his subjects with light and its different hues. Very soft, highly poetic, no subject is out of place in any single snap, He writes poetry spreading light. The solid and void mingles in each other in such a way that it becomes utmost difficult to separate background from the subject or vice varsa. My heartiest congratulations to you and huge thanks. **Ashok Pandya**

૦ એક પત્ર

સ્નેહી શ્રી યોગેશભાઈ,

તમે મને 'નિસ્યંદન-૯' નો અંક મેઇલ કર્યો તે બદલ આભાર. વિષય તરીકે કેવળ કાવ્ય સાથે સાથે નામાંકિત વિદેશી તસવીરકારોની રંગીન કલાકૃતિઓ ખૂબ જ સ્પર્શે એવી હોય છે. પ્રત્યેક અંકમાં એક દિગ્ગજ એવા પૂર્વજ સાહિત્યકારને અપાતી અંજલિ દ્વારા વર્તમાન સાથે પ્રેરક અનુબંધ જળવાય છે. બધી સાહિત્યિક પ્રવૃત્તિઓના સમાચારો બધે જ છપાતા ન હોય એ સહજ પરિસ્થિતિમાં 'નિસ્યંદન' એવા સમાચારોનો પ્રસાર કરે છે તે સારી વાત છે, આવો પ્રસાર પાનાંનેય ફેલાવતો રહે ખરો. બધું જ શ્રેષ્ઠ ભાગ્યે જ હોવાનું. જેમ ગઝલના બધા જ શે'ર સરખા માણવાયોગ્ય ન પણ હોય, ગીતની પ્રત્યેક ભાવભંગિમા આકર્ષક ન પણ હોય, અછાંદસના ટુકડાઓ તેના કાવ્ય સ્વરૂપમાં પૂર્ણ ચુસ્ત ન હોય છતાંય મોટેભાગે માણી શકાય તેવી આ, લેખનપ્રવૃત્તિને પોષતી પ્રકાશનપ્રવૃત્તિ પ્રશંસનીય છે. ગઝલકાર નાઝિર દેખૈયાના દેહાંત સમયના અંકનો મુક્તક સાથેનો સમાચારઅંશ યથાતથ આ અંકમાં સમાવાયો તે ગમ્યું. મને બરાબર યાદ છે : એ જ દિવસે અમારી સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર વતી શોકાર્ત્ત પરિવારને શોકસંવેદનાપત્ર પાઠવવાનું, પબ્લિક રિલેશન્સ ડિપાર્ટમેન્ટના અધિકારી કવિ શ્રી પીયુષ પારાશર્ય સાહેબે મને કહેલું. ખૂબ ભાવમાં ડૂબીને લખાયેલા એ નાનકડા પત્રને વાંચીને એમણે મારો હાથ એટલા જ ભાવથી દબાવેલો. બેન્કની નજીક જ દેખૈયા પરિવાર રહેતો હોઈને એ પત્ર હું જ હાથોહાથ આપવા જાઉં એવી એમની સૂચનાથી હું રૂબરૂ ગયેલો. નાઝિર દેખૈયાના પૌત્ર મેડિકલ ડૉક્ટર ઉપરાંત એક સુપ્રસિદ્ધ કવિ છે. યોગેશભાઇ, તમે સૂક્ષ્મભાવે 'નિસ્યંદન' નું સ્થૂળ કહેવાતું પુરાણું તત્ત્વ સાચવ્યું, જેણે મારા અતીતની સૂક્ષ્મતાને ઝકઝોરી. સ્મરણોનું આમ ટપકતાં ને ભળતાં રહેવું એ પણ નિસ્યંદન.

આ વખતે 'સાહિલ' ની બે ગઝલો સાથે કે ઉપરાંત 'શૈશવ'ની ભાવસભર ગઝલ વાંચવા મળી તે ગમ્યું. એક અર્થે તેઓ 'નિસ્યંદન' માટે સર્જક તરીકે ફરી પરોવાયા તે ગમ્યું. નદીને ઝાડ નામ આપતી 'મર્મર' ની ગીત કવિતા બહુ ગમી, છતાં એ મને અંગત રીતે ચોમાસા અગાઉની સરિતા જેવી જરા ઓછી લાંબી લાગી.

એક આખી કવિતા લખવી અઘરી છે. પૂર્ણ કવિતાની અપેક્ષા તો દરેક સ્તરે કાયમ રહેવાની. એટલે જ તમે સંપાદકીયમાં વ્યક્ત કરેલી અપેક્ષા યથાર્થ છે. અતિરેક ન થઈ જાય તે માટે આવા સંકેતો પણ જરૂરી. ભલે કોઈ ભાવકને કોઈના સર્જનમાં કોઈ મર્યાદા દેખાય; અરે, એ કવિતાનાં છોતરાં ભલે કાઢી નાખે, પણ એ બહાને એક સજાગ વાચક પણ ઉમેરાય તે આ સમયની માંગ છે. કમ્પ્યૂટરથી પરિચિત એવી નવી પેઢીએ અને વિનયનના વિદ્યાર્થીઓએ તો સાહિત્યના કોઈપણ ઈ- મેગેઝિનને ખાસ વાંચવું જોઈએ. આ એમના માટે પણ સ્વાર્થનો વિષય ગણાય. કેમ કે, વાંચવું એટલે પોષાવું. લખતાં ને છાપતાં-છપાવતાં કેટલી વીશે સો થાય છે એ સુજ્ઞ વાચકોને જાણમાં હોય જ. એમને ઊડતી નજર કરવાનો સમય મળે તોય લખનારે તેમનો પા'ડ માનવો પડે એવો ભાવનક્ષેત્રે અને પ્રતિભાવ ક્ષેત્રે પણ દુષ્કાળ પ્રવર્તે છે. લેખક તો પોતાના લેખનના મોહમાં કદી શબ્દનો દુકાળ નહીં અનુભવે.

પ્રૂફરીડર તરીકે 'નિસ્યંદન-૯' મારા માટે માત્ર ત્રીજો અંક છે. શિશુજન્મ સમયે ડૉક્ટર સાથે ઉપસ્થિત રહેતા મદદનીશ સ્ટાફમાં મને સામેલ કર્યો અને મને ક્રેડિટ લાઇન પણ મળી તેનો આનંદ થયો. મેં હમણાં જ, જામનગરી મિત્ર શ્રી સતીષ વ્યાસ 'શબ્દ' સાથે વાત કરી ત્યારે તેમણે પણ તમારે ને એમને મારા વિશે અગાઉ થયેલી વાત મને ઉમળકા સાથે કહી. મેં તેમને કહ્યું તેમ, આદરણીય સર્વ શ્રી કે.કા.શાસ્ત્રી, હરિવલ્લભ ભાયાણી જેવાં અનેક ભાષાવિદ્ સામે મારા જેવો સાવ નાનેરી જાણકારી ધરાવતો કોઈ, બીજાને ઉપયોગી થઈ શકે તો એ આનંદની વાત છે. બહુ ઓછા સાહિત્યકારો ભાષાને ઘોળીને પી ગયા હોય છે, એ સામે મારા જેવો કોઈ લેખક-પ્રૂફરીડર ભાષાનું વ્યાકરણ પીવા માટે તેને ઘોળી રહ્યો હોય. ક્યારેક દ્રાવણ સંતૃપ્ત ન હોઈ, મન પણ સંતૃપ્ત ન હોય. કૉલેજમાં ભાષા ભણાવતા કેટલાક લેક્ચરર ને પ્રોફેસર પોતાના વિદ્યાર્થીકાળમાં ભાષાસાહિત્યને સવિશેષ કેન્દ્રમાં રાખીને ભણ્યા હોવાનું મારું નિરીક્ષણ છે. ભાષાની જોડણી, નિયમો વગેરે એમનેય અઘરાં પડતાં હોય છે. ક્યારેક અવગણના ને આળસ પણ ભાગ ભજવે. પ્રૂફરીડર તરીકે મને તો, અનેકની એકસરખી ભૂલોભરેલી જોડણી વાંચીવાંચીને મારી પોતાની જોડણી વિશે શંકા થવા લાગે ! એવા સમયે, નવાઈ લાગે એ હદે, કેટલાક શબ્દો અને સંદર્ભો ન પણ ધરાવતો હોવા છતાં આપણો સાર્થ જોડણી કોષ જ ઉપયોગી નીવડે. આવી ન સમાયેલા શબ્દો અને અધૂરી માહિતી તરફ ધ્યાન દોરતો પત્ર ગુજરાતી ભાષાના જે-તે જાણીતા વડાને સાદર મોકલ્યો હતો, પણ કોઈ જાતનો પ્રતિભાવ કે પ્રત્યુતર નહિ! આમાં આભારપત્ર મળવાની અપેક્ષા તો ક્યાં સેવવા જેવી !

હમણાં જ બંધ કરવામાં આવેલા 'ઉદ્દેશ' સામયિકના બહુ મોડા પરિચિત થયેલા સુહૃદ આદરણીય તંત્રી સ્વર્ગસ્થ ભાઈ શ્રી

પ્રબોધ ર. જોશીનો મારા પર ટૂંકા ગાળાનો પરંતુ અપાર સ્નેહ રહ્યો. એમના દેહાવસાનના બે માસ પૂર્વે એમણે એકવાર મને ફોન પર કહેલું, " ...અરે, તમને શું વાત કરું! 'ઝાઇડસ' કંપનીની ભારે જવાબદારી થકવે છે, છતાં માત્ર સાહિત્યિક રુચિને લીધે જ હું ખેંચાઈ શકું છું. બાકી, ભલભલા ગદ્યસર્જકોનાં લખાણ લિટરલી મારે પોતે મઠારવાં પડે છે ! તમે નહિ માનો, પણ સિન્ટેક્સ (વાક્યરચના) માં પણ સુધારો કરવો પડે છે ! વાંચીને કંટાળી જવાય એ હદે ભાષાદોષ હોય. ક્યારેક તો આખેઆખો લેખ મેં ફરી લખ્યો હોય. જ્યારે તમારો લેખ એક જ બેઠકે નિર્વિઘ્ને વાંચું છું. અગાઉ એક પત્રમાં પણ મેં તમને આ વાત લખી છે. તમે જો મારી સાથે અહીં (અમદાવાદ) હો તો મારો સિત્તેર ટકા ભાર હળવો થઈ જાય. હા, તમને કુરિયર મારફત મોકલી શકાય. જોઈએ હવે..."

પ્રૂફરીડિંગ અંગત લેખનનું હોય કે અન્યનું, આર્થિક રળતર-વળતરયુક્ત હોય કે કેવળ સેવાભાવે થતું હોય, નિષ્ઠા બહુ મહત્વની બાબત છે. પ્રૂફરીડિંગ ઓછામાં ઓછા ઓછું બે વાર ને બે જાણકારો દ્વારા થવું જોઈએ. તોય બે ભૂલ રહી જાય એવું બને. હું તો દૃઢપણે માનું છું કે કોઈપણ જાહેરાતની ડિઝાઇન સાથે છપાતો એકેએક શબ્દ ડિઝાઈનનો એક અનિવાર્ય ભાગ ગણાવો જોઈએ; પ્રૂફરીડિંગની મહત્તા સાબિત કરવા આ વાત હું બહુ સભાનપણે લખું છું.

મને ક્યારેક એક અફસોસ થતો રહે કે હું પ્રોફેસર અથવા લેક્ચરર ન થઈ શક્યો. અનેક પ્રવૃતિઓમાં ફંટાતો રહેતો હું ભાષાવિદ્ ન થઈ શક્યો. જો કે, વિદ્યાર્થી અવસ્થાનો આનંદ જરૂર માણું છું. નવા શબ્દાર્થ શબ્દકોશ દ્વારા પ્રાપ્ત કરી લઉં છું. આદરણીય સર્વ શ્રી કે.કા.શાસ્ત્રી, હરિવલ્લભ ભાયાણી, લાભશંકર પુરોહિત જેવા અનેક શિરમોર ભાષાવિદને માતૃભાષા વિશે જે દાઝ હોય તે દરેક ગામ કે શહેરના સર્જકમાં હોય તો કેવું સારું ! ભાવનગરમાં રહીને હું સર્વ શ્રી તખ્તસિંહ પરમાર, ગંભીરસિંહ ગોહિલ, ઉમાકાન્ત રાજ્યગુરુ, શિલ્પીન થાનકી, ડૉ. રક્ષાબેન પ્ર. દવે, જયન્ત મેઘાણી વગેરે ભાષાવિદને અહોભાવથી જોતો, સતત ખેવના કરતો રહ્યો- મારી પોતાની ભાષાની, મારા સહપંથી સર્જકોની ભાષાની; ને એમ, આખરે મારામાં રહેલા એક પ્રૂફરીડરના અંગત વિકાસની. અંગત ખર્ચે છપાવાતાં પુસ્તકો એટલાં ખર્ચાળ બનતાં હોય છે કે કોઈ લેખકને પ્રૂફરીડિંગનો વિશેષ ખર્ચ ન જ પાલવે. આવા સમયે ભાષાના જરા વિશેષ જાણકાર મિત્રો ઉમળકાભેર ઉપયોગી થાય તો એ બહાને આખરે તો એ ભાષાની જ સેવા છે. હા, સંસ્થાકીય પ્રકાશનોએ અને વ્યક્તિગત ખમતીધર લોકોએ ખોટી ગણતરીમાં ન પડવું જોઈએ. જૂજ માત્રામાં જીવતા પ્રૂફરીડરોની ખરી નોંધ લેવાય તો એ આખરે તો અનંતકાળ સુધી જીવવા માગતી ભાષાનું જ સન્માન છે. ભાષાની માવજતને લગતું દરેક સુંદર કાર્ય એક કવિતા છે.

તા.ક.: ભૂલચૂક લેવીદેવી

o જિતુ ત્રિવેદી
૦૭૭૩૮૭૫૮૨૦૯

વિરાર ૨૧.૦૮.૨૦૧૩ બુધવાર

o આ અંકના ફોટોકલાકાર



લૂઈજી બેનેદેત્તી
(Luigi Benedetti)

લૂઈજી બેનેદેત્તી **(Luigi Benedetti)** ઈટાલીના વતની યુવાન ફોટોગ્રાફર છે. તેઓ એક ફોટોગ્રાફીની સોસિયલ વેબસાઈટ http://www.artfreelance.net/ ચલાવી રહ્યા છે. ફોટોગ્રાફીની શક્યતાઓને તાગી રહેલા આ આશાસ્પદ કળાકારના કામને તપાસતાં તેમનામાં રહેલ આગવી કળાદ્રષ્ટિ ધ્યાન ખેંચે છે. તેમનું કામ ઈટાલી અને અન્ય રાષ્ટ્રોના કળાફલક પર નજરે ચડી રહ્યું છે. તેમનું શ્વેત-શ્યામ ફોટોગ્રાફીનું કામ તેના વિષયવસ્તુ અને રચનારીતિને લઈને અલગ તરી આવે છે. ફોટોગ્રાફીના યાંત્રિક કૌશલ્યનો અહીં અસરકારક સમન્વય થયો છે.

તેમનું કામ http://luigibenedetti.net/, http://500px.com/artfreelance, http://1x.com/member/luigibenedetti ઉપર જોવા મળે છે.



નરસિંહરાવ દિવેટિયા (૩.૯.૧૮૫૯ - ૧૪.૧.૧૯૩૭)

દિવેટિયા નરસિંહરાવ ભોળાનાથ ‘જ્ઞાનબાલ’, ‘દૂરબીન’, ‘નરકેસરી’, ‘પથિક’, ‘મુસાફર’, ‘વનવિહારી’, ‘શંભુનાથ’: કવિ, વિવેચક, ભાષાશાસ્ત્રી. જન્મ અમદાવાદમાં. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં. ૧૮૮૦માં મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી સંસ્કૃત વિષય સાથે બી.એ. ત્યારબાદ સ્ટેચ્યુટરી સિવિલ સર્વિસની પરીક્ષામાં ઉત્તીર્ણ. ૧૯૮૪માં ખેડામાં આસિસ્ટન્ટ કલેકટર. દક્ષિણ ભારતનાં જુદાં જુદાં સ્થળોએ નોકરી. થોડો વખત ઍક્ટિંગ કલેક્ટર અને બાકીનો સમય આસિસ્ટન્ટ કલેકટર તરીકે નોકરી કરી. ૧૯૧૨માં નિવૃત્તિ. ૧૯૧૫માં પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ. ૧૯૨૪માં રૉયલ એશિયાટિક સોસાયટીની મુંબઈ શાખાના ફેલો ચૂંટાયા. ૧૯૨૧ થી ૧૯૩૫ સુધી એલ્ફિન્સ્ટન કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક.

અંગ્રેજી સાહિત્યના પ્રભાવથી પ્રેરાયેલી નર્મદ પછીની કાવ્યાભિવ્યક્તિ આ કવિને કારણે વધુ પક્વતા અને પ્રૌઢિ તરફ વળે છે. એમના ‘કુસુમાવાળા’ (૧૮૮૭) કાવ્યસંગ્રહમાં ગુજરાતી ઊર્મિકવિતાનું સ્વરૂપ આરંભદશાની કચાશથી દૂર હઠીને પહેલી વાર શિષ્ટતા અને સંસ્કારિતાથી પ્રગટ થયું છે. પશ્ચિમી સંગદર્શિતા તેમ જ સંસ્કૃતસાહિત્ય-સંસ્કારનો સમન્વય આત્મલક્ષી બનીને પરિણામગામી બન્યો છે. ‘હૃદયવીણા’ (૧૮૯૩)માં રીતિ એની એ છતાં આત્મલક્ષિતા ઘટી છે. ‘સર્જતરાયની સુષુપ્તિ’ (૧૯૧૨) માં વિનોદ કેન્દ્રમાં છે. ‘નૂપુરઝંકાર’ (૧૯૧૪)માં મુખ્યત્વે કાન્તની પ્રેરણાથી લખાયેલાં ખંડકાવ્યો સંગ્રહાયાં છે. જે પૈકીનાં ‘ચિત્રવિલોપન’ તથા ‘ઉત્તરા અને અભિમન્યુ’ જાણીતાં થયાં છે. ‘સ્મરણસંહિતા’ (૧૯૧૫) અંગ્રેજ કવિ ટેનિસનના ‘ઈન મેમોરિયમ’ ને આધારે પુત્રશોકથી જન્મેલી કરુણપ્રશસ્તિ છે. એમાં અંગત શોક સંવેદનશીલતાથી કાવ્યસામગ્રીમાં રૂપાંતર પામ્યો છે. ‘બુદ્ધચરિત’ (૧૯૩૪) અંગ્રેજી કૃતિ ‘લાઈટ ઑવ એશિયા’ નો અનુવાદ છે. એકંદરે શિષ્ટ સંસ્કારી ભાષાની ચારુતા અને પ્રૌઢિ તેમ જ વિવિધ ભાવસ્થિતિને કવિતામાં અપાયેલું અપૂર્વ મહત્વ એમને અર્વાચીન ઊર્મિકાવ્યના પિતા ગણવા પ્રેરે છે.

એમની વિવેચના ‘મનોમુકુર’ના ચાર ગ્રંથો (૧૯૨૪, ૧૯૩૬, ૧૯૩૭, ૧૯૩૮), ‘અભિનયકલા’ (૧૯૩૦) અને ‘કવિતાવિચાર’ (૧૯૬૯)માં સંગ્રહાયેલી છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યથી માંડી સમકાલીન-અનુકાલીન સાહિત્ય એમના વિવેચનપરિઘમાં વિસ્તરેલું છે. ગુણજ્ઞતા, રસજ્ઞતા, પ્રતિપક્ષીનેય ન્યાય ઘટે એવી સમતોલવૃત્તિ અને સત્યનિષ્ઠા એમની વિવેચનાનાં મુખ્ય લક્ષણો છે. સાહિત્યના નિર્ભીક પહેરગીર અને દુરારાધ્ય તરીકે એમણે સાહિત્યતત્વ, સંગીત, સાહિત્યપ્રવાહો અને કૃતિઓનું વિશ્વસનીય વિવેચન કર્યું છે. ‘જોડણી વિશે નિબંધ’ (૧૮૮૮)માં ભાષાવિષયક અન્વેષણની શાસ્ત્રીય પદ્ધતિએ તુલનાત્મક અભ્યાસ અને પ્રમાણભૂત મનાય તેવાં મંતવ્યો મળે છે. ‘સ્મરણમુકુર’ (૧૯૨૬) ગુજરાતી સાહિત્યમાં રેખાચિત્રોના સ્વરૂપમાં પ્રથમ છે. ‘જ્ઞાનબાલ’ના નામે રસળતી શૈલીમાં લખાયેલ ‘વિવર્તલીલા’ (૧૯૩૩)માં એમનાં વ્યક્તિત્વ અને જીવનદર્શનનું પ્રતિબિંબ પડેલું છે. એમની ‘રોજનીશી’ (સં. ધનસુખલાલ મહેતા, રામભાઈ બક્ષી, ૧૯૫૩)માં ૧૮૯૨ થી ૧૯૩૫ સુધીની વિગતવાર ચોકસાઈપૂર્વકની નોંધ લખાયેલી છે. (સુસ્મિતા મ્હેડ ના લખાણના આધારે)